**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૬ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૧ ટકા

# શહેરમાં પલ્સ પોલિયો અભિયાનમાં ૩૨ વર્ષથી રોટરી કલબ ઓતપ્રોત

ગાંધીનગર, તા.૧૯

'દો બુંદ ઝીંદગી કી' પોલિયોના બે ટીંપા એ બાળકની જીંદગી બદલી શકે છે. થોડા વર્ષો પહેલા પોલિયો નાબૂદી અંતર્ગત ઘણા અભિયાન થયા હતા. સમગ્ર દેશને પોલિયો મુકત બનાવવા સરકાર દ્વારા ઘણા પ્રયાસો કરવામાં આવ્યા. સરકાર દ્વારા ઘરે ઘરે જઈ પોલિયો પીવડાવવાની વ્યવસ્થા કરવામાં આવી. હાલ પણ શહેરની શાળા, બસ સ્ટેન્ડ, હોસ્પિટલ, અમુક સોસાયટીની બહાર પોલિયો પીવડાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ જ સંદર્ભે શહેરના રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા છેલ્લા ૩૨ વર્ષથી પલ્સ પોલિયો નાબૂદી અભિયાન માટે સક્રિય અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે રવિવાર તા. ૧૯ જાન્યુઆરીના રોજ પોલિયો દિવસ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં સંસ્થા દ્વારા પોલિયો પીવડાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.





રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સે-૧૩ ઝુંપડપટ્ટી, ગોકુલપુરા, જીઈબી, સે-૬ મજુર વર્ગ વિસ્તાર, અક્ષરધામ, સરગાસણ કન્સ્ટ્રકશન સાઈટ અને એસ.ટી.ડેપો સે-૭ ખાતે અલગ અલગ ટીમો બનાવી કુલ ૧૧૩૫ જેટલા બાળકોને રસી પીવડાવવામાં આવી હતી. આ કાર્યમાં રોટરી સાથે રોટરેકટ, કડી સર્વ વિદ્યાલય સર્વ નેતૃત્વ અને એનએસએસના યુવાનો તથા મોટી સંખ્યામાં રોટરી સભ્યો જોડાયા હતા. આ કાર્યનું આયોજન રોટરી વતી ડૉ. ગુંજન જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર જિલ્લામાંથી ૧૭,૧૫૫ કલારસિકોની કલા મહાકુંભ માટે અરજી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના પરંપરાગત નૃત્ય ગાયન, વાદન, સંગીત સહિતની કલાઓના કલાસાધક રસિકોને પ્રોત્સાહન આપવા તથા તમામ કલાઓને જીવંત રાખવા માટે રાજય સરકાર દ્વારા કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે રાજયભરમાંથી કુલ ૪,૮૯,૩૪૬ કલારસિકો દ્વારા અરજી કરવામાં આવી છે. જેમાં ૨,૩૨,૨૦૩ પુરુષો અને ૨,૫૭,૧૪૩ બહેનો દ્વારા ભાગ લેવા માટે અરજી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરના રૂરલ અને સીટી એરિયામાંથી કુલ ૧૭,૧૫૫ જેટલી અરજી આવી છે.

કલા મહાકુંભ અંતર્ગત કુલ ૨૩ સ્પર્ધા યોજાનાર છે. જેમાં સુગમસંગીત, સમુહ સંગીત, લોકભજન, ગરબા, ચોપાઈ, લગ્નગીત, દુહા-છંદ, તબલા, હાર્મોનિયમ, એક પાત્રિય અભિનય, ભરતનાટયમ્, વકતૃત્વ, ચિત્રકલા, નિબંધ, સ્કૂલ બેન્ડ, લોકવાર્તા, કથ્થક, કાવ્યલેખન, ગઝલ, શાયરી, સર્જનાત્મક કામગીરી, શાસ્ત્રીય કંઠસ્ય સંગીત સહિતની સ્પર્ધા યોજાનાર છે.

સમગ્ર ગુજરાતમાંથી ગાંધીનગર શહેર અને ગ્રામીણમાંથી કુલ ૧૭,૧૫૫ અરજી આવી છે. જે અંતર્ગત ગાંધીનગરમાં સ્પર્ધા શરૂ થઈ ગઈ છે અને ગ્રામીણ વિસ્તારમાં પુરી થવા આવી છે. ડીસ્ટ્રીકટ કક્ષાની સ્પર્ધા ૨૩ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન ચિલોડા ઓમલેન્ડ શાળા ખાતે થશે તેમ ડિસ્ટ્રીકટ યુથ ડેવલપમેન્ટ ઓફિસર કુ. તેજલ ચૌહાણ દ્વારા જણાવાયું છે.




વેસ્ટમાંથી બેસ્ટના અખતરા સ્કૂલ-કોલેજ સમયમાં ઘણાં કરવામાં આવે છે. જુદા જુદા પ્રોજેકટના નામે આવા અખતરાં કરી પેન સ્ટેન્ડ, ફોટોફ્રેમ અને વોલ હેન્ગીંગ જેવી ચીજવસ્તુઓ જાતે બનાવવાનો જે આંનદ આવે છે તે અનન્ય હોય છે. વળી આવી ચીજવસ્તુઓ બનાવવા માટે વ્યકિત પોતાની મૌલિકતાનો મોકળા મને ઉપયોગ કરી લે છે. સર્જનાત્મકતાને ખીલવવાનો તે સારો અવસર પૂરો પાડે છે. અખબાર ભવનની પાસે ચાની કીટલીવાળાએ કચરા પેટી બનાવવા પોતાની સર્જનાત્મકતાનો ઉપયોગ કર્યો છે જે ગ્રાહકોને આકર્ષી રહી છે.

# પ્રજાસત્તાક દિને ૧૫૫૧ ફુટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે મુંબઈમાં રાધે રાધે પરિવારની શૌર્ય મહાયાત્રા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા રાધે રાધે પરિવાર તથા શહેરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટી દ્વારા આગામી તા. ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસે મુંબઈના વિક્રોલી (પૂર્વ) વિસ્તારમાં સવારે ૯ કલાકે ૧૫૫૧ ફુટ લાંબા અને ૧૦ ફુટ પહોળાઈ ધરાવતા રાષ્ટ્રધ્વજ સાથે 'શૌર્ય મહાયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઈતિહાસમાં સૌ પ્રથમવાર યોજાઈ રહેલી આ શૌર્ય મહાયાત્રા 'ફુડ સેફટી'ની થીમ આધારિત યોજાઈ રહી છે જે તે પ્રકારની સમગ્ર દેશમાં પ્રથમ યાત્રા હશે. શૌર્ય મહાયાત્રા ઘાટકોપર ફલાયઓવર બ્રીજ પાસે ઈન્સ્ટર્મ એકસપ્રેસ હાઈવેથી પ્રસ્થાન થશે અને તેનું સમાપન વિક્રોલી પૂર્વના ટાગોરનગરના રાજશ્રી શાહ મહારાજ મેદાન ખાતે સમાપન થશે. આ પ્રસંગે અતિથિ વિશેષ પદે ગાંધીનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, સુરતના લક્ષ્મીપતિ ગૃપના ડિરેકટર સંજયકુમાર સરવાગી, સુરત મહાનગર પાલિકાના કોર્પોરેટર ગેમરભાઈ દેસાઈ તથા રોટરી કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. સમગ્ર શૌર્ય મહાયાત્રાના આયોજન માટે ગુજરાત ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટીના જનરલ સેક્રેટરી અનિલ મોરે તથા રાધે રાધે પરીવારના તન્મય પટેલ અને રાહુલ સુખડિયા સહિત બંને સંસ્થાના હોદ્દેદારો-સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાધે રાધે પરિવાર દ્વારા અગાઉ ગાંધીનગરમાં બે વાર ૫૫૧ ફુટના રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રાનું આયોજન કરવામાં આવી ચુકયું છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**તાન્હાજી**
૯.૩૫, ૧૦.૩૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**જય મમ્મી દી**
૧૦.૩૫, ૧૨.૫૫, ૩.૧૫, ૮.૧૫, ૧૦.૩૫
**ગુડ ન્યુઝ**
૧.૧૫, ૧૦.૨૦
**છપાક**
૧.૩૦, ૫.૩૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૪.૧૦
**કેમ છો? (ગુજરાતી)**
૪.૦૫, ૧૦.૧૫

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જય મમ્મી દી**
૧૦.૩૦, ૧૨.૩૫, ૫.૩૦, ૧૦.૨૫
**ગુડ ન્યુઝ**
૯.૪૦
**છપાક**
૩.૫૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૧.૦૫
**કેમ છો? (ગુજરાતી)**
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦
**છપાક**
૧.૦૦, ૯.૩૦
**જય મમ્મી દી**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૦૦
**ગુડ ન્યુઝ**
૯.૪૫, ૫.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૯.૦૦, ૧૦.૦૦
**છપાક**
૧૨.૨૫, ૭.૩૦
**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૭.૨૫
**જય મમ્મી દી**
૧૦.૦૫, ૩.૦૦, ૫.૧૫, ૧૦.૦૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૯.૩૦
**કેમ છો? (ગુજરાતી)**
૧.૧૦, ૧૦.૧૫

# વણઝારા ક્રિકેટ ટૂર્નામેન્ટમાં કડીની ગેહલોત લાયન્સ ટીમ ચેમ્પિયન





ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સેકટર-૧૧માં તાજેતરમાં ઉદ્યોગભવન પાછળના મેદાનમાં વણઝારા ક્રિકેટ કલબ દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટની ૨૦-૨૦ ફાઈનલ મેચમાં કડીની ગેહલોત લાયન્સ ટીમે વાસણાની જય ઠાકર ઈલેવનને રોમાંચક હાર આપી ટ્રોફી જીતી લીધી હતી. ટૂર્નામેન્ટના સમાપન પ્રસંગે સમસ્ત રાજસ્થાન સાર્વજનિક સેવા ટ્રસ્ટના અધ્યક્ષ તુલસીભાઈ માલી, મહામંત્રી મુકેશકુમાર વ્યાસ, ઉપપ્રમુખ જગદાનભાઈ ગઢવી, સંગઠનમંત્રી ગોપાલ શર્મા અને શિવશંકર જાટ, ઉપપ્રમુખ માંગીલાલ ગુર્જર, શિક્ષામંત્રી વિક્રમસિંહ રાજપૂત, રમેશભાઈ પંચાલ, ખજાનચી મુપાજી પ્રજાપતિ, દીપાજી, કાર્યાલય મંત્રી મગનભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા જેમના હસ્તે ખેલાડીઓને પુરસ્કાર તથા ક્રિકેટ કીટ આપવામાં આવી હતી.

વણઝારા ક્રિકેટ કલબ આયોજિત ટૂર્નામેન્ટમાં ફાઈનલમાં કડીની ગેહલોત લાયન્સ ટીમે પહેલા બેટીંગ કરતા ૧૦૧ રનનુ લક્ષ્ય આપ્યું હતુ જેના જવાબમાં વાસણાની જય ઠાકર ઈલેવન નિર્ધારિત ઓવરમાં ૮૫ રન બનાવી શકી હતી. બે દિવસીય ટૂર્નામેન્ટમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો અને નોકઆઉટની રોમાંચક પદ્ધતિએ રમાયેલી આ સ્પર્ધામાં વિજેતા ટીમને રૂ. ૧૨ હજારનું અને રનર્સ અપ ટીમને રૂ. ૬ હજારનુ રોકડ ઈનામ સાથે વિજેતા ટ્રોફીઓ એનાયત કરાઈ હતી. વિજેતા ટીમના ખેલાડીઓને ગોલ્ડમેડલ્સ તથા રનર્સ અપ ટીમને સિલ્વર મેડલ્સથી નવાજવામાં આવ્યાં હતા. ફાઈનલ મેચમાં કાલુભાઈને મેન ઓફ ધ મેચનો ખિતાબ પ્રાપ્ત થયો હતો. ટૂર્નામેન્ટમાં અલ્પાહારની સેવા સમસ્ત રાજસ્થાન સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા પુરી પાડવામાં આવી હતી.

# ભાઈજીપુરા પાટીયા પાસે સવારે માર્ગ ઓળંગતી વખતે હોમગાર્ડ મહિલાને ઈજા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આજે સવારના સુમારે ભાઈજીપુરા પાટીયા પાસે આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં મહિલા હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા અરૂણાબેન અતુલભાઈ ચાવડા (ઉં.વ.૪૦ રહે. સિધ્ધીદાતા અલઈ કુડાસણ ગાંધીનગર) પોતાની ડ્યુટી પર હાજર હતા. તે સમયે માર્ગ ક્રોસ કરીને સામેની બાજુ જઈ રહ્યા હતા. તે સમયે માર્ગ પર આવી રહેલી કાર નં.જી.જે.૦૧.એચ.પી.-૮૦૪૦ના ચાલકે ગફલતભરી રીતે કાર હંકારીને અરૂણાબેનને અડફેટે લીધા હતા. હોમગાર્ડને ટક્કર મારતા સ્થાનિક નાગરીકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જયારે મહિલા હોમગાર્ડને કમરના ભાગે તેમજ પગમાં ઈજા પહોંચી હોવાથી દર્દ થી કણસી રહ્યા હતા. સ્થાનિકોએ ૧૦૮ ને કોલ કરતા આવી પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયારે માર્ગ અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ હતી.

### ઘ-૧ પાસે ઈકો કારની ટક્કરે બાઈક ચાલક ઈજાગ્રસ્ત



શહેરના ઘ-૧ પાસે ચેહરમાતાના મંદિર તરફથી રોંગ સાઈડમાં ઈકો ગાડી ઈન્ફોસીટી તરફ જઈ રહી હતી. તે દરમિયાન સામેથી આવી રહેલા બાઈક નં. જી.જે.૧૮.સી.કે.૯૩૪૩ના ચાલકને ટક્કર મારી હતી. જેને પગલે બાઈકને નુકશાન થયું હતું અને બાઈક ચાલકને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જયારે ઈકોની ટક્કરે બાઈક ડીવાઈડર પર ચડી ગયું હતું.

# નિશાન ભલે ઊંચુ રખાવ્યું, નિશાન ચૂક 'માફ' છે તે ભૂલવા ના દેતા...!!

## મોટિવેશનલ સેમિનાર્સની ભરમારમાં આત્મવિશ્વાસનો ઓવરડોઝ પણ ઘાતક બની શકે છે : માર્કેટીંગથી માંડીને મંદિર સુધી મોટિવેશનની બોલબોલા : થોડી 'લાઈકસ' ઓછી મળવાથી પણ સ્ટ્રેસમાં આવી જતા યુવાવર્ગને નિષ્ફળાનો સામનો કરવાનું શીખવવું પણ જરૂરી




ગાંધીનગર, તા.૧૯

'ફોકસ મોર ઓન યોર ડિઝાયર ધેન ઓન યોર ડાઉટ, એન્ડ ધ ડ્રીમ વીલ ટેક કેર ઓફ ઈટ સેલ્ફ' માર્ક ટવેઈનના આ કવોટને જયારે તરૂણવયના વિદ્યાર્થીઓથી ભરેલા ખીચોખીચ હોલમાં એક મોટિવેશનલ સ્પિકર દ્વારા એટલું જોશભેર બોલવામાં આવ્યું કે સમગ્ર હોલમાં ચિચિયારીઓ સાથે તાળીઓનો ગડગડાટ ગૂંજી ઉઠયો હતો જેમાં એવા વિદ્યાર્થીઓ પણ મને-કમને જોડાઈ ગયા હતા જેમને આ વાકયનો અર્થ પણ સમજાયો નહોતો. માર્ક ટવેઈને કહ્યું હતું કે, 'તમે જીવનમાં શંકા કરવાને બદલે માત્ર તમારી ઈચ્છાશકિત પર જ જોર લગાડો, પછી જુઓ તમારું સ્વપ્ન તેની જાતે પરિપૂર્ણ થવા મચી પડશે.' માર્ચ એપ્રિલ આપણે ત્યાં શૈક્ષણિક પરીક્ષાઓનો સમયગાળો હોય છે અને સ્પર્ધાત્મક માહોલમાં બોર્ડની પરીક્ષાઓ કે અન્ય મહત્વની પરીક્ષામાં સફળતા 'પોતાના' વધુને વધુ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય તથા છેલ્લી ઘડીએ આખા વર્ષની મહેનત પાણીમાં ના જતી રહે તેવી ચિંતા દૂર કરવા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, શાળા-કોલેજો તથા ખાનગી કલાસીસ વગેરે દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને પ્રેરણા ઝરણાં વહાવવા મોટિવેશનલ સેમિનાર્સ જાન્યુઆરી-ફેબ્રુઆરી દરમિયાન યોજવાનું શરુ કરી દેવામાં આવે છે. યુવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડવું જરૂરી છે અને તેમની લઘુતાગ્રંથી દૂર થાય તે પણ આવકારદાયક છે પરંતુ દેખાદેખીમાં યોજાતા મોટિવેશનલ સેમિનાર્સનો મારો હવે તો એટલો વધી જવા પામ્યો છે કે વાલીઓ વિદ્યાર્થીઓની અપેક્ષા અનેકગણી ઊંચી થઈ જાય છે અને તેવા સમયે જો જરાક પણ નિષ્ફળતા સાંપડે તો તેને પચાવવી ખૂબ અઘરી બનવા સાથે કેટલીવાર યુવા કે તરૂણવયના વિદ્યાર્થીઓ માટે માનસિક કુઠરાઘાત સમાન પણ બની રહે છે.

'નિશાન ચુક માફ, પણ નહીં માફ નીચું નિશાન' એ ઉકિત આપણે ત્યાં ખૂબ પ્રસિધ્ધ છે જેમાં જીવનમાં હંમેશા ઊંચા લક્ષ્યાંકો રાખવા પ્રેરણા આપવાની વાત કહેવામાં આવી છે, આ ઉકિતનો પણ છડેચોક ઉપયોગ કરતા સ્પિકર્સ યુવાનોને 'નિશાન ચુક' માટે માફીની એટલે કે નિષ્ફળતાને પચાવવાની તૈયારી અંગે ધ્યાન દોરવાનું 'ચુકી' જતા હોય છે. ફકત શૈક્ષણિક કારકિર્દી માટે જ નહી અત્યારે તો એટલી હદે સ્પર્ધાત્મક યુગ દરેક ક્ષેત્રમાં પ્રવેશી ચુકયો છે કે અભ્યાસ ઉપરાંત માર્કેટીંગથી માંડીને મંદિર દરેક જગ્યાએ, મોટિવેશનની બોલબાલા વધી પડી છે. હવે તો મેનેજમેન્ટ ગુરૂઓથી માંડીને ધર્મગુરૂઓ સુધ્ધાં 'મોટિવેશનલ સેમિનાર'ને એક મહ્ત્વના હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યા છે, સરવાળે ઘણીવાર સમજણ વગરનો આત્મવિશ્વાસ હરિફાઈ સાથે સ્ટ્રેસ વધારવામાં કારણભૂત બને છે અત્યારે તો સોશ્યલ મિડીયા પર પણ મોટિવેશનલ લેકચરર્સની અવનવા વિડિયોઝની ભરમાર ચાલી રહી છે જેના ઓવરડોઝમાં યુવાનોની માનસિક હાલત એવી બનતી જાય છે કે પોતાનું સ્ટેટસ અપલોડ કરવામાં જરા મોડા પડે કે પોતાની પોસ્ટને થોડી લાઈકસ ઓછી મળે તો પણ તેઓ સ્ટ્રેસમાં આવી જાય છે. આત્મવિશ્વાસનો ઓવરડોઝ કયારેક એટલો ઘાતક બની જાય છે કે જરાક સરખી નિષ્ફળતામાં યુવાનો કેનાલમાં પડતું મુકવા દોટ મુકે છે કે પંખે લટકવા દોડે છે. કેટલીક 'ક્રેઝી' વ્યકિતઓ ઈતિહાસ રચે છે પરંતુ જે 'ક્રેઝી' વ્યકિત નિષ્ફળતાને પચાવી શકતો નથી કે તેમાંથી શીખી શકતો નથી તે માનસિક રીતે પડી ભાંગે છે.





મોટિવેશનલ સ્પિકર્સ શ્રોતાઓને તેમનાં 'સ્વપ્ન' પુરાં કરવા પધ્ધતિસરના ચાર્ટ બનાવી મહેનત કરવાનું શિખવાડતા હોય છે પરંતુ કયારેક આ ચાર્ટને સતત 'ફોલો' ના કરી શકતા યુવા વર્ગમાં હતાશા બમણી થતી હોય છે. વધુ પડતી સ્પર્ધાનું વાતાવરણ ઘણીવાર પારસ્પરિક મૈત્રી ભાવનાને ખતમ કરી દુશ્મની તથા ટીવી સિરિયલ્સમાં દેખાડવામાં આવે છે તેવા કાવાદાવા રચવા તરફ પ્રેરે છે અને જો એમાં ભૂલે ચૂકે પકડાઈને જાહેર થઈ જાય તો તે શરમજનક સ્થિતિ માનસિક આઘાત સમાન બની જતી હોય છે. એવું પણ અનુભવાયું છે કે વધુ પડતા મોટિવેટેડ યુવાનોના વાણી-વર્તનમાં અવિવેક વધી જાય છે, તેઓ નાના-મોટાની માન-મર્યાદા ભુલી જાય છે, જ્ઞાની જાણકાર પરંતુ શાંત વ્યકિતની ઉપેક્ષા અને દેખાડો અને દંભ કરતા શિક્ષકો તરફ અહોભાવ વધુ રાખવાની ભૂલ કરે છે. આ પ્રકારના યુવાન આસાનીથી ગુસ્સો, ચિડીયાપણું કે વ્યસનનો શિકાર બની બેસે છે અને તેમની આત્મશ્લાઘા 'ઈગો' બનીને તેમને જ કોતરવાનું શરુ કરી દે છે. બીજી તરફ કેટલાક યુવાનો નિષ્ફળતાને કારણે લઘુતાગ્રંથીનો શિકાર પણ બને છે અને સ્પર્ધાત્મક માહોલમાં પોતાની જગ્યા બનાવી શકતા નથી આથી દુનિયામાં કોઈ કાર્ય અશકય નથી તેવું શિખવાડતા મોટિવેશનલ સ્પિકર્સની શીખ કયારેક નુકસાનકારક સાબિત થાય છે.

જીવનમાં દરેક વ્યકિતને પ્રોત્સાહન જરૂરી હોય છે, વધતી જતી હરિફાઈ સાથે વધી રહેલા તણાવના યુગમાં 'અપેક્ષા' સંતોષવાની દોડમાં એ હંમેશા યાદ રાખવું જરૂરી છે કે મંઝીલ પામવા ભલે દોટ મૂકો પરંતુ સૌથી મહત્વની વસ્તુ સફરનો નિજાનંદ છે, જો આ નિજાનંદને માણતા શીખ્યા હશો અને મંઝીલ મળશે તો તે 'દિવ્યાનંદ' બની જશે. અને હા, મંઝીલ નહીં મળે તો સફરમાં નિજાનંદ માણ્યો હશે તો નિરાશાને નિકટ ફરકવા નહીં દે તે ચોકકસ છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● ભારતીબાપુની વ્યાસપીઠે નીતિનભાઈ પટેલ દ્વારા રાત્રે ૮ કલાકે પ્લોટ નં. ૨/૫ સર્વોદય નગર સે-૩૦ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.



રાંધેજા સુંદરધામ હનુમાનજી મંદિરનો ૬ઠ્ઠો ત્રિદિવસીય પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ મહોત્સવમાં યજ્ઞ, સુંદરકાંડ પાઠ, આનંદનો ગરબો, ભજન અને મહાપ્રસાદનો લાભ ભકતોએ લીધો હતો.

## ચિરવિદાય

● સ્વ. વૈદ્ય કિશોરી ધનંજય, ઉ.વ. ૭૮
● સ્વ. રાણા સંજયભાઈ મનસુખભાઈ, ઉ.વ. ૨૫
● સ્વ. પવાર રણજીતસિંહ ઉમરાવસિંહ, ઉ.વ. ૭૫
● સ્વ. દેસાઈ મફાભાઈ હરીભાઈ, ઉ.વ. ૬૨